# GUJARAT BILL NO. 5 OF 2018.

## THE GUJARAT PRIVATE UNIVERSITIES (AMENDMENT) BILL, 2018.

### *A BILL*

*further to amend the Gujarat Private Universities Act, 2009.*

સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૫.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

ગોકુલ ફાઉન્ડેશન, સિદ્ધપુર, જિલ્લો. પાટણ-એ રાજ્યમાં ખાનગી યુનિવર્સિટી સ્થાપવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઇઓ હેઠળ રાજ્ય સરકારને અરજી કરી છે;

અને ચકાસણી સમિતિએ, સદરહુ અરજીની ચકાસણી કરેલી છે અને ચકાસણી સમિતિના અહેવાલ પરથી, રાજ્ય સરકારે, ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે સંબંધિત પુરસ્કર્તા મંડળને ઇરાદાપત્ર કાઢી આપ્યો છે;

અને રાજ્ય સરકારને ખાતરી થઇ છે કે સદરહુ અધિનિયમની કલમ ૧૦માં જોગવાઇ કર્યા પ્રમાણે, પુરસ્કર્તા મંડળ-એ ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે અને ઇરાદાપત્ર પ્રમાણેનું દેણગી ફંડ પણ સ્થાપ્યું છે;

તેથી, હવે, ગુજરાત સરકાર, સદરહુ અધિનિયમની કલમ ૧૦ની જોગવાઇઓ અનુસાર, સદરહુ અનુસૂચિના કોલમ ૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ઉપર્યુકત પુરસ્કર્તા મંડળના નામે અને સ્થળે અનુસૂચિના કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી સંસ્થાનો ખાનગી યુનિવર્સિટી તરીકે સમાવેશ કરે છે.

આથી, ભારતના ગણરાજ્યના અગણ્યોસિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ. ૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૧૮ કહેવાશે.

(૨) આ કલમ અને કલમ ૨નો ખંડ (૧) તરત જ અમલમાં આવશે અને કલમ ૨નો ખંડ (૨), રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા અધિનિયમની અનુસૂચિનો સુધારો. ૨. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં, અનુસૂચિમાં, સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

(૧) અનુક્રમાંક ૨૪ની નોંધમાં, કોલમ ૨-માં, "યુનિવર્સિટીનું નામ અને સરનામું" એ શીર્ષક હેઠળ, "ધોલેરા, મુ. પોસ્ટ: રતનપુર, તાલુકો: ધંધુકા, જિલ્લો: અમદાવાદ" એ શબ્દો અને અક્ષરને બદલે," મુ. પોસ્ટ: રાજપુર, તાલુકો: કડી, જિલ્લો: મહેસાણા, ગુજરાત" એ શબ્દો અને અક્ષર મૂકવા;

(૨) અનુક્રમાંક ૨૬ ઉપરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી:-

| અનુક્રમાંક | ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું | નોંધણી અને નોંધણી નંબરની વિગતો | પુરસ્કર્તા મંડળ |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| "૨૭. | ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, ગોકુલ એજ્યુકેશનલ કેમ્પસ, જી.આર.એસ.એલ પાસે, સુજાણપુર પાટિયા, સિદ્ધપુર, જિલ્લો:પાટણ. ગુજરાત. | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). ઈ/ ૧૩૫૨, પાટણ. તારીખ: ૧૭/૦૮/૨૦૦૯. | ગોકુલ ફાઉન્ડેશન,"બહુચર કૃપા", જી.આર.એસ.એલ રાજય ધોરીમાર્ગ પાસે, નં. ૪૧, સુજાણપુર પાટિયા પાસે, જિલ્લો: પાટણ. ગુજરાત." |

## ઉદ્દેશો અને કારણો

રાજય સરકારે, ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી, રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટેની જોગવાઈ કરવા માટે અને અધિનિયમની જોગવાઇઓ અનુસાર તેના કાર્યોનું નિયમન કરવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો) અધિનિયમિત કર્યો છે. સદરહુ અધિનિયમ હેઠળ તે તરીકે જાહેર કરેલી ખાનગી યુનિવર્સિટીએ, સદરહુ અધિનિયમની જોગવાઇઓ મુજબ યુનિવર્સિટીની બાબતોનો વહીવટ કરવાનો હોય છે અને ગવર્નિંગ બોડી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકેડેમિક કાઉન્સિલ અને એવા બીજા અધિકારીમંડળો-એ, સદરહુ અધિનિયમમાં જોગવાઇ કર્યા પ્રમાણેની તેમની ફરજો બજાવવાની હોય છે અને તેમના કાર્યો કરવાના હોય છે તથા એવા મંડળોની રચના, સદરહુ અધિનિયમમાં જોગવાઇ કર્યા મુજબની હોવી જોઇશે.

રાજ્ય સરકારને, વિદ્યમાન જગ્યાએ આંતરમાળખાકીય સુવિધાઓ સ્થાપિત કરવા માટેની પ્રક્રિયા શરૂ થઇ ન હોવાને લીધે, ઈન્દ્રશિલ યુનિવર્સિટી તરફથી તેનું મકાન (કેમ્પસ) ખસેડવા માટેની દરખાસ્ત મળી છે. રાજ્ય સરકારને, ગોકુલ ફાઉન્ડેશન, સિધ્ધપુર, જિલ્લો: પાટણ તરફથી ખાનગી યુનિવર્સિટી તરીકે પણ દરખાસ્ત મળી છે. સદરહુ અધિનિયમની કલમ ૧૦થી એવી જોગવાઇ કરી છે કે રાજય સરકારને એવી ખાતરી થાય કે પુરસ્કર્તા મંડળે, ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે, તો પછી રાજય સરકારે, સદરહુ અધિનિયમની અનુસૂચિમાં યુનિવર્સિટીના નામનો સમાવેશ કરવા માટે યોગ્ય કાયદો લાવવાનો હોય છે. સદરહુ દરખાસ્તની, સદરહુ અધિનિયમની કલમ ૮ હેઠળ નીમાયેલી ચકાસણી સમિતિએ વિચારણા કરી છે અને સમિતિએ તેનો રિપોર્ટ રાજય સરકારને રજૂ કર્યો છે અને એવા રિપોર્ટના આધારે રાજય સરકારને ખાતરી થયા પછી, અધિનિયમની  કલમ ૯ હેઠળ જોગવાઇ કર્યા મુજબ ઇરાદાપત્ર કાઢી આપ્યો છે અને પુરસ્કર્તા મંડળે ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું હોવાથી, સદરહુ અધિનિયમની કલમ ૧૦ હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે યુનિવર્સિટીના નામને, અધિનિયમની અનુસૂચિમાં સમાવેશ કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

ભુપેન્દ્રસિંહ ચુડાસમા,

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ(૨)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે અધિનિયમની કલમ ૨ નો ખંડ (૨) અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૮. ભુપેન્દ્રસિંહ ચુડાસમા.

## પુરવણી

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯

## (સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા)માંથી ઉતારા.

### અનુસૂચિ

### (જુઓ કલમ 3)

| અનુક્રમાંક | ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું | નોંધણી અને નોંધણી નંબરની વિગતો | પુરસ્કર્તા મંડળ |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ યુનિવર્સિટી, અમદાવાદ. | મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ એફ/સીી૭ અમદાવાદ. મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ ૧૯૩૫ – ૧૯૩૬નો ૭૬૭, મુંબઈ. | અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, કોમર્સ છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. |
| ૨. | નવરચના યુનિવર્સિટી, વડોદરા. | મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળનો તારીખ ૩૧/૧૨/૧૯૬૫, નં.૩૨૫/ વડોદરા. | નવરચના એજ્યુકેશન સોસાયટી, વડોદરા. |
| ૩. | કેલોક્ષ ટિચર્સ યુનિવર્સિટી, અમદાવાદ. | યુ૭૪૯૯૯ડીએલ૨૦૦૫-એનપીએલ ૧૩૪૪૦૩, આસિસ્ટન્ટ કંપની રજિસ્ટ્રાર, નવી દિલ્હી (કંપની અધિનિયમની કલમ ૨૫ હેઠળ). | કેલોક્ષ ફાઉન્ડેશન, કેલોક્ષ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન, અમદાવાદ, ડીપીએસ- ગ્રીનવૂડ કેમ્પસ, ૨૦૦ ફૂટ રીંગ રોડ, ગ્રીનવૂડ લેક રિઝોર્ટ પાસે, એસ.જી.વી.પી.સર્કલ, અમદાવાદ. |
| ૪. | ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ચાંગા. | મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ તાઃ૨૧.૪.૧૯૯૪નો એ/૨૫૬૮/ખેડા, તા.૧૫.૧૦.૨૦૦૧નો સુધારેલો ક્રમાંકઃ એ/૧૨૯૯, આણંદ. | શ્રી ચરોતર મોટી સત્તાવીસ પાટીદાર કેળવણી મંડળ, વિદ્યાવિહાર માર્ગ, આણંદ-વિદ્યાનગર રોડ, આણંદ- ૩૮૮૦૦૧. |

| | | | |
|---|---|---|---|
| ૫. | ઓરો યુનિવર્સિટી ઓફ હોસ્પિટાલીટી એન્ડ મેનેજમેન્ટ, સુરત. | યુ-૮૦૩૦૨-જીજે૨૦૦૭એનપીએલ૦૫૧૩૨૨-૨૦૦૭-૨૦૦૮ કંપની રજિસ્ટ્રાર, ગુજરાત, (કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૫ હેઠળ). | ઓરો ઇન્ટરનેશનલ સ્કૂલ ઓફ હોસ્પિટાલીટી મેનેજમેન્ટ, ૧લો માળ, અંબિકા નિકેતન, અઠવા લાઇન્સ, સુરત-૩૯૫૦૦૭. |
| ૬. | યુ.કે.એ. તરસાડિયા યુનિવર્સિટી, બારડોલી. | ટ્રસ્ટ રજિસ્ટ્રેશન- સુરત, નંબર એફ. ૯૯, સુરત (મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ). | બારડોલી પ્રદેશ કેળવણી મંડળ, ગોપાલ વિદ્યાનગર, બારડોલી- મહુવા રોડ, ગામ તરસાડી, તાલુકો : મહુવા, જિલ્લો સુરત-૩૯૪૩૫૦. |
| ૭. | આર. કે. યુનિવર્સિટી, રાજકોટ. | ટ્રસ્ટ રજિસ્ટ્રેશન- રાજકોટ, નંબર ઇ- ૬૩૬૦, રાજકોટ (મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ). | શ્રી શામજીભાઇ હરજીભાઇ તળાવિયા ચેરિટેબલ ટ્રસ્ટ, ભાવનગર હાઇવે, કસ્તુરબાધામ, રાજકોટ-૩૬૦૦૨૦. |
| ૮. | ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ્ડ રિસર્ચ, ગાંધીનગર. | ટ્રસ્ટ રજિસ્ટ્રેશન- અમદાવાદ, નંબર ઇ/૧૩૩૭૪/અમદાવાદ (મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ). | ધી પુરી ફાઉન્ડેશન ફોર એજયુકેશન ઇન ઇન્ડિયા, બ્લોક નંબર ૨, ૧લો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર. |
| ૯. | ઇન્ડસ યુનિવર્સિટી, અમદાવાદ. | ટ્રસ્ટ રજિસ્ટ્રેશન- અમદાવાદ, નંબર ઇ-૬૮૪૪, અમદાવાદ (મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ). | ભંડારી ચેરિટેબલ ટ્રસ્ટ, એ-૪૧, સ્કાયલાર્ક એપાર્ટમેન્ટ, સેટેલાઇટ રોડ, સેટેલાઇટ, અમદાવાદ- ૩૮૦૦૧૫. |
| ૧૦. | રાય યુનિવર્સિટી, અમદાવાદ. | ટ્રસ્ટ રજિસ્ટ્રેશન – નવી દિલ્હી, તારીખ: ૦૧/૦૮/૧૯૯૬નો નંબર ૫૫૩૯. | રાય ફઉન્ડેશન, એ-૪૧, એમ.સી.આઇ.ઇ., મથુરા રોડ, નવી દિલ્હી – ૧૧૦૦૪૪. |
| ૧૧. | લકુલીશ યોગ યુનિવર્સિટી, છારોડી, ગાંધીનગર-સરખેજ હાઇવે, અમદાવાદ. | મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલ, રજિસ્ટ્રેશન નંબર ઇ/૬૪૩, સુરેન્દ્રનગર- તા. ૨૬/૦૩/૯૬. | લકુલીશ ઇન્ટરનેશનલ ફેલોશીપ એન્લાઇટનમેન્ટ મિશન (લાઇફ મિશન), લીંબડી, જિ: સુરેન્દ્રનગર, ગુજરાત. |

| | | | |
|---|---|---|---|
| ૧૨. | ટીમ લીઝ સ્કિલ્સ યુનિવર્સિટી, આઇ.ટી.આઇ.- તરસાલી, વડોદરા. | કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૫ હેઠળ રજિસ્ટર થયેલ, રજિસ્ટ્રેશન નંબર યુ૮૦૯૦૩એમએચ૨૦૧૧ એનપીએલ ૨૧૯૩૮ મુંબઇ-૪૦૦ ૦૫૧ તા. ૨૭/૬/૧૧. | ટીમ લીઝ સર્વિસ પ્રા.લિ. દ્વારા સંચાલિત ટીમ લીઝ એજ્યુકેશન ફાઉન્ડેશન, ઓફીસ નં. ૬, ૩જો માળ, સી-વિંગ, લક્ષ્મી ટાવર્સ, બાંદરા-કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદરા(પૂર્વ), મુંબઇ-૪૦૦ ૦૫૧, મહારાષ્ટ્ર, ભારત. |
| ૧૩. | સી. યુ. શાહ યુનિવર્સિટી, વઢવાણ સિટી, જિ- સુરેન્દ્રનગર. | રજિસ્ટર્ડ સાર્વજનિક સખાવતી ટ્રસ્ટ, રજિસ્ટ્રેશન નં. એફ/૪૩, તા. ૦૬/૦૩/૬૯, સુરેન્દ્રનગર. | વર્ધમાન ભારતી ટ્રસ્ટ, શ્રીમતી એમ. ટી. દોશી હાઇસ્કુલ, લાખુપોળ, વઢવાણ સિટી, જિલ્લો- સુરેન્દ્રનગર – ૩૬૩૦૩૦. |
| ૧૪. | આઈ.ટી.એમ. વોકેશનલ યુનિવર્સિટી, આજવા ગાર્ડન પાસે, આજવા- નિમેટા રોડ, રવાલ ગામ, વાઘોડિયા, જિલ્લોઃ વડોદરા. | કંપનીઅધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૫ હેઠળ રજિસ્ટર થયેલ, રજિસ્ટ્રેશન નંબરઃ યુ૮૦૯૦૩જીજે૨૦૧૨ એનપીએલ૦૭૨૦૨૫ અમદાવાદ. તારીખઃ ૧૯/૦૯/૨૦૧૨. | ઈન્સ્ટિટ્યૂટ ફોર ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ (આઈટીએમ ગ્રુપ), મુંબઈ. પ્લેટિનમ ટેકનો પાર્ક, સેક્ટર-૩૦એ, વાશી, નવી મુંબઈ - ૪૦૦૭૦૫. |
| ૧૫. | જી.એસ.એફ.સી. યુનિવર્સિટી, વડોદરા. | ટ્રસ્ટ રજિસ્ટ્રેશન- વડોદરા, નં. એફ-૨૬૦૭- વડોદરા (ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ). મંડળી રજિસ્ટ્રેશન- વડોદરા, નં. ગુજરાત-૨૯૨૪, વડોદરા (મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ). | ગુજરાત સ્ટેટ ફર્ટિલાઝર્સ એન્ડ કેમિકલ્સ લિ. (જી.એસ.એફ.સી.), વડોદરા-૩૯૧૭૫૦. |
| ૧૬. | જી.એલ.એસ. (GLS) યુનિવર્સિટી, અમદાવાદ. | ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નંબર. એફ/ ૪૭/ તારીખઃ ૧૯/૦૬/૧૯૫૩ (ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, | ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ. |

| | | | |
|---|---|---|---|
| | | ૧૯૫૦ હેઠળ) અને મંડળી રજિસ્ટ્રેશન નંબર- બી૪/૪૨૬/ તારીખ: ૨૩/૦૨/૧૯૨૭ (મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ હેઠળ). | |
| ૧૭. | પારૂલ યુનિવર્સિટી, વડોદરા. | ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નંબર. ઇ/ ૪૨૫૧/ વડોદરા તારીખ: ૨૮/૦૯/૧૯૯૦ (ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ). | પારૂલ આરોગ્ય સેવા મંડળ, પોસ્ટ ઓફિસ લીમડા, તાલુકો- વાઘોડિયા, વડોદરા. ૩૯૧૭૬૦. |
| ૧૮. | સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર. | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). રજિસ્ટ્રેશન નંબર. ઇ/૨૫૧, મહેસાણા. તારીખ: ૧૯/૧૨/૧૯૫૨. | નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, એસ.કે. પટેલ કેમ્પસ, વિસનગર, જિલ્લો: મહેસાણા, ગુજરાત. |
| ૧૯. | મારવાડી યુનિવર્સિટી, રાજકોટ. | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર. ઇ/૮૪૫૮, રાજકોટ. તારીખ: ૨૪/૧૦/૨૦૦૮. | મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન, રાજકોટ, ગુજરાત. |
| ૨૦. | પ્લાસ્ટઇન્ડિયા ઇન્ટરનેશનલ યુનિવર્સિટી, વાપી. | મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર. એફ.૧૨૧૫૬, મુંબઇ. તારીખ: ૨૬/૧૧/૧૯૮૭. | પ્લાસ્ટઇન્ડિયા ફાઉન્ડેશન, ૪૦૧, લેન્ડમાર્ક, ‘‘બી (B)’’, સુરેન રોડ, અંધેરી (પૂર્વ), મુંબઇ, મહારાષ્ટ્ર, ભારત. |
| ૨૧. | અનંત નેશનલ યુનિવર્સિટી, અમદાવાદ. | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર ઇ/૮૧૦૭, અમદાવાદ, ગુજરાત. તા.૧૦/૦૧/૧૯૯૧ | લક્ષ્મણ જ્ઞાનપીઠ, સંસ્કારધામ કેમ્પસ, મણિપુર બસસ્ટોપ પાસે, ગોધાવી, તાલુકોઃ સાણંદ, જિલ્લોઃ અમદાવાદ, ગુજરાત. |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, મુ.:-ભોયણરાઠોડ, અડાલજ શેરથા રોડ, તાલુકો અને જિલ્લો:ગાંધીનગર. | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). રજિસ્ટ્રેશન નંબર: ઈ/ ૧૮૦૫૦, અમદાવાદ. તારીખ: ૦૭/૦૫/૨૦૦૭. | ગયા પ્રસાદ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, ૩૫, વર્લ્ડ બિઝનેસ હાઉસ, પરિમલ ગાર્ડન નજીક, એલિસ બ્રિજ, અમદાવાદ, ગુજરાત. |
| ૨૩. | પી.પી. સવાણી યુનિવર્સિટી, મુકામ અને ગામ ધામડોદ, કોસંબા નજીક, તાલુકો: માંગરોળ, જિલ્લો: સુરત. | કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર: યુ૮૦૯૦૪જીજે૨૦૧૫ એનપીએલ૦૮૨૫૭૭. તારીખ:૧૩/૦૩/૨૦૧૫. | પી.પી.સવાણી નોલેજ સિટી, માનસી બિલ્ડિંગ, સિદ્ધકુટિર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, કાપોદ્રા, સુરત, ગુજરાત. |
| ૨૪. | ઈન્દ્રશિલ યુનિવર્સિટી,ધોલેરા, મુ. પોસ્ટ: રતનપુર, તાલુકો: ધંધુકા, જિલ્લો: અમદાવાદ. | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. ઈ/૧૪૭૩, ગાંધીનગર. તારીખ: ૧૪/૦૯/૨૦૦૮. | શ્રી સરસ્વતી એજ્યુકેશન સંસ્થાન ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ, મુ. પોસ્ટ: રાજપુર, તાલુકો: કડી, જિલ્લો: મહેસાણા, ગુજરાત. |
| ૨૫. | કર્ણાવતી યુનિવર્સિટી, ઉવારસદ, જિલ્લો : ગાંધીનગર. | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. ઇ/ ૧૬૩૭૯/ અમદાવાદ. તારીખ : ૨૪/૧૦/૨૦૧૦. | કર્ણાવતી મેડિકલ એન્ડ એજયુકેશનલ ટ્રસ્ટ, ઉવારસદ, જિલ્લો : ગાંધીનગર, ગુજરાત.". |
| ૨૬. | ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી, ગાંધીનગર. | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). રજિસ્ટ્રેશન નંબર. જીયુજે/૧૮૧૩/ગાંધીનગર. તારીખ: ૨૧/૦૩/૨૦૧૧. | જીએમબી એજ્યુકેશન ટ્રસ્ટ, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, સેક્ટર ૧૦-એ, એર ફોર્સ સેન્ટરની સામે, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦. ગુજરાત.". |

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૫]

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯
વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા,
શિક્ષણ મંત્રીશ્રી.]

(સન ૨૦૧૮ના ફેબ્રુઆરી મહિનાની ૨૧મી તારીખે
ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

-----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.